પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૨૬ | ૨૭ ઓક્ટોબર, ૨૦૧૭, શુક્રવાર ; કારતક સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### હિઝબુલ મુજાહિદ્દીન ચીફ સલાહુદ્દીનના પુત્રને ત્યાં એનઆઈએના દરોડા

કાશ્મીરમાં કેટલીય આતંકી ઘટનાઓ માટે જવાબદાર હિઝબુલ મુજાહિદ્દીનના વડા સૈયદ સલાહુદ્દીનના પુત્ર સૈયદ શાહિદ યુસુફના નિવાસસ્થાને નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ (એનઆઈએ) આજે સવારે ટેરર ફંડિંગના મામલામાં દરોડા પાડ્યા હતા.

### મુંબઈ એરપોર્ટ પર માનવ તસ્કરીનું કૌભાંડ પકડાયું

ફરી આવ્યું માનવ તસ્કરીનું કૌભાંડ સામે, મુંબઈના છત્રપતિ શિવાજી ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી બે બાળકોને બોગસ પાસપોર્ટ પર વિદેશ લઈ જવાઈ રહ્યા હતા જેના વિષે એરપોર્ટ ઓથોરીટી દ્વારા તપાસ કરાતા જાણવા મળ્યું હતું.

### પાકિસ્તાનનો ગ્વાદર પોર્ટ બનશે દુનિયાનો સૌથી મોટું શિપિંગ સેન્ટર

પાકિસ્તાનનું ગ્વાદર પોર્ટ ચીનની નાણાકીય અને નિર્માણ પ્રયાસોના કારણે ખુદને દુનિયાના સૌથી મોટા પરિવહવ કાર્ગોના રૂપમાં વિકસિત કરી રહ્યું છે. ઊંડા પાણીનું આ બંદર દુનિયાના ત્રીજા સૌથી મહત્વપૂર્ણ વ્યાવસાયિક ક્ષેત્રો, તેલ સમૃદ્ધ મધ્ય પૂર્વ, દક્ષિણ એશિયા અને મધ્ય એશિયાના કનવર્ઝેસ પર સ્થિત છે.

# તાજમહેલ ભારતની વાસ્તુકલાનું અનમોલ રત્ન

**તાજમહેલને લઇને ઘમસાણ વચ્ચે યોગી આદિત્યનાથની સ્પષ્ટતા : તાજમહેલ અને તેની આસપાસના વિસ્તારોના વિકાસ માટે અનેક યોજનાઓ જાહેર : સુવિધા મળશે તો આગરા આવનાર પ્રવાસીની સંખ્યા બે ગણી થશે**



આગરા,તા. ૨૬

તાજમહેલને લઈને છેડાયેલા વિવાદ વચ્ચે આગરા પહોંચેલા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે કહ્યું હતું કે, તાજમહેલ ભારતની વાસ્તુના અનમોલ રત્ન તરીકે છે. અને દેશના લોકોના ખુન અને પરેસેવાથી બનેલું છે. તેનું સંરક્ષણ કરવામાં આવશે. યોગીએ કહ્યું હતું કે, અગાઉની સરકારો માટે આગરા પિકનિક સ્પોટ તરીકે હતું પરંતુ અમારા માટે આ સાધનાના સ્થળ તરીકે છે. આની સાથે સાથે યોગીએ તાજમહેલ અને આસપાસના વિસ્તારો માટે શ્રેણીબદ્ધ યોજનાઓની જાહેરાત કરી હતી. તાજને નિહાળ્યા બાદ યોગી આદિત્યનાથે જનસભાને સંબોધતા કહ્યું હતું કે, આગરા આવ્યા બાદ લોકો વાંધો ઉઠાવી રહ્યા હતા.

કેટલાક લોકોનો પ્રશ્ન હતો કે, તેઓ આખરે આગરા કેમ જઈ રહ્યા છે. અમે વારાણસી જઈએ છીએ તો તેમને ખરાબ લાગે છે. અયોધ્યા જઈએ છીએ તો ખરાબ લાગે છે. તેમને આગરા આવ્યા છે તો પણ ખરાબ લાગે છે. યોગીએ કહ્યું હતું કે, આ માત્ર એવા લોકોની ટિપ્પણી છે જે લોકો સમાજને જાતિમાં વિભાજિત કરવાના પ્રયાસ કરી રહ્યા છે. સમાજને પરિવારવાદ, જાતિવાદ અને ભ્રષ્ટાચારમાં ફસાવી દેવામાં આવા લોકોએ ભૂમિકા ભજવી છે.

● અનુસંધાન પાન-૩ પર

# અફઘાનિસ્તાનમાં તાલિબાનોનો હુમલો: ૧૧ સૈનિકોનાં મોત

કાબૂલ,તા. ૨૬

અફઘાનિસ્તાનમાં સુરક્ષા દળો પર થતા હુમલા અટકવાનું નામ લેતા નથી ત્યારે તાજેતરમાં તાલિબાની આતંકીઓએ પશ્ચિમ અફઘાનિસ્તાનમાં આવેલી સેનાની બે ચોકીઓને નિશાન બનાવી હુમલો કરતાં તેમાં ૧૧ સૈનિકોનાં મોત થયાં છે જ્યારે ૧૭ આતંકવાદી પણ માર્યા ગયા હોવાના અહેવાલ છે.

અફઘાનિસ્તાનના અધિકારીઓએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે પહેલો હુમલો પશ્ચિમી ફરાહ પ્રાંતમાં થયો હતો, જેમાં નવ સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા હતા અને અન્ય ચારને ઈજા થઈ હતી. ફરાહ પ્રાંતના ગવર્નરના પ્રવકતા મહંમદ નાસિર મેહરીએ ગઈ કાલે જણાવ્યું હતું કે પુસ્ત રોડ જિલ્લામાં મંગળવારની રાતે આતંકીઓએ આ હુમલાને અંજામ આપ્યો હતો, જેમાં સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે લગભગ ચાર કલાક ગોળીબાર ચાલ્યો હતો.

આતંકવાદીઓનો સામનો કરવા માટે યુદ્ધ વિમાનોની મદદ લેવામાં આવી હતી. આ હુમલામાં ૧૭ આતંકવાદીઓ ઠાર થયાના અહેવાલ છે.

આ ઉપરાંત બીજો હુમલો પણ મંગળવારે જ આ વિસ્તાર નજીક આવેલા હેરાત પ્રાંતમાં સેનાની ચોકીને નિશાન બનાવવામાં આવી હતી, જેમાં બે જવાનનાં મોત થયાં હતાં જ્યારે અન્ય પાંચ જવાનને ઈજા થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં પણ દક્ષિણ કંદહાર પ્રાંત ખાતેના એક સેના પરિસર પર તાલિબાની આતંકવાદીઓએ કરેલા હુમલામાં કુલ ૪૩ સૈનિકનાં મોત થયાં હતાં ત્યારે હવે ફરી અફઘાનિસ્તાન સેનાની બે ચોકીઓ પર તાલિબાની આતંકીઓએ કરેલા હુમલામાં ૧૧ સૈનિકોનાં મોત થતાં આ વિસ્તારમાં હાલ ભારે તંગદિલી ફેલાઈ જવા પામી છે.

# શેરબજારમાં તીવ્ર તેજી : ૧૦૫ પોઈન્ટનો સુધારો

**સેંસેક્સ કારોબારના અંતે ૩૩૧૪૭ની ઉંચી સપાટીએ : નિફ્ટી ૪૮ પોઇન્ટ ઉછળીને ૧૦૩૪૪ની ઉંચી સપાટીએ રહેતા કારોબારીઓ ખુશખુશાલ**

મુંબઈ,તા. ૨૬

શેરબજારમાં આજે તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૧૦૫ પોઈન્ટ સુધરીને ૩૩૧૪૭ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૮ પોઈન્ટ સુધરીને ૧૦૩૪૪ની સપાટીએ રહ્યો હતો. એકંદરે તેજીનો દોર આજે પણ જારી રહ્યો હતો. કેટલાક સાનુકુળ પરિબળો દેખાઈ રહ્યા છે. ઈન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સે ઉલ્લેખનીય સપાટી હાસલ કરી હતી. આજે કારોબાર દરમિયાન મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ તેજીનો માહોલ રહ્યો હતો. હાલમાં જ કેન્દ્ર સરકાર દ્વારા બેંકિંગ સુધારા હાથ ધરવાની જાહેરાત કરતા તેની અસર જોવા મળી રહી છે. ગ્લોબલ રેટિંગ એજન્સી મૂડીએ કહ્યું છે કે, એક્સિસ બેંકની એસેટ ક્વોલિટી લથડી રહી છે. બુધવારે કારોબારના અંતે સેંસેક્સ ૪૩૫ પોઈન્ટ ઉછળીને ૩૩૦૪૨ની ઉંચી અને રેકોર્ડ સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૮૭ પોઈન્ટ ઉછળીને ૧૦૨૯૫ની ઉંચી સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ અને નિફ્ટી બંને રેકોર્ડ ઉંચી સપાટીએ બંધ રહ્યા હતા. નાણામંત્રી અરુણ જેટલીએ મંગળવારના દિવસે જાહેરાત કરી

● અનુસંધાન પાન-૩ પર



છઠ્ઠ પૂજા - ઉત્તર ભારતની સંસ્કૃતિમાં વણાયેલ છઠ્ઠની પૂજાનું વ્રત હવે ગુજરાતમાં પણ ઉજવાય છે... ગુજરાતની સંસ્કૃતિ સાથે ઓતપ્રોત બનેલ ઉત્તર ભારતીય ખાસ કરીને બિહારના પરિવારોમાં છઠ્ઠની પૂજાનું મહત્વ વધતું જાય છે... ગુરૂવારે વહેલી સવારે સાબરમતીને કિનારે છઠ્ઠની પૂજા માટે ગોઠવાયેલી ખાસ વ્યવસ્થામાં મહિલાઓ મોટી સંખ્યામાં ઉમટી હતી.... ધાર્મિક વિધિ-વિધાન પ્રમાણે ભગવાન સૂર્યનારાયણનું પૂજન-અર્ચન કર્યું હતું...

# દેશની અર્થવ્યવસ્થા આઈસીયુમાં : રાહુલ

**અરુણ જેટલીની દવામાં દમ નથી : રાહુલના નોટબંધી અને જીએસટીને લઇને ફરીથી તીવ્ર પ્રહાર**

નવીદિલ્હી, તા. ૨૬

ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આજે વધુ તેજાબી પ્રહારો કર્યા હતા. જીએસટી અને નોટબંધીને લઈને તેમણે કહ્યુ હતુ કે આ વખતે નાણાં મંત્રી અરૂણ જેટલી પર પ્રહારો કર્યા હતા. જેટલીને ડોક્ટર તરીકે ગણાવીને કોંગ્રેસના નાયબ અધ્યક્ષે કહ્યુ હતુ કે અર્થવ્યવસ્થા આઈસીયુમાં છે. જો કે જેટલીની દવામાં દમ નથી. રાહુલે તે પહેલા જીએસટીને ગબ્બર સિંહ ટેક્સ તરીકે ગણાવ્યો છે. જેનો જેટલીએ જવાબ પણ આપ્યો હતો. ગુરૂવારના દિવસે ટ્વીટર પર રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે ડોક્ટર જેટલી, નોટબંધી, જીએસટીથી અર્થવ્યવસ્થા આઈસીયુમાં છે. તમે કહો છો કે આપ કોઈનાથી ઓછા નથી. જો કે આપની દવામાં દમ નથી. રાહુલના આ વિડિયોએ સોશિયલ મિડિયામાં ખુબ વાઈરલ થતા તેની ચર્ચા જોવા મળી રહી છે. આ ટ્વીટને હજારો લોકો રિટ્વીટ કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૩ પર



# જીએસટીએન પોર્ટલ પર ઉમેરાયું નવું ફિચર

**હવે વેપારી-કારોબારીઓ રજિસ્ટ્રેશન કેન્સલ કરી શકશે**

ન્યુ દિલ્હીૠ,તા. ૨૬

જીએસટી પોર્ટલ પર આવી રહેલી તમામ અડચણો વચ્ચે એક રાહતભર્યા સમાચાર મળી રહ્યા છે. આ સમાચાર ખાસ કરીને એવા લોકો માટે છે જે જીએસટી લાગુ થયા બાદ પોતાનો બિઝનેસ બંધ કરી ચૂક્યા હતા પરંતુ તેમણે મજબૂરીથી રિટર્ન દાખલ કરવું પડી રહ્યું હતું. જીએસટી પોર્ટલ પર હવે કેન્સલેશનનું ફિચર જોડી દેવામાં આવ્યું છે એટલે કે એવા યુઝર્સ પોતાનું રજિસ્ટ્રેશન કેન્સલ કરી શકે છે જે પોતાનો વેપાર જૂલાઈ મહિનામાં ૧ તારીખ બાદ બંધ કરી ચૂક્યા છે.

જો તમે આ પ્રકારના કારોબારી હો તો તમારે જીએસટીએન પોર્ટલ પર તમારા એકાઉન્ટથી લોગ ઈન કરવાનું રહેશે. લોગ ઈન કરતાં જ તમને કેન્સલેશન ઓફ પ્રોવિઝનલ રજિસ્ટ્રેશનનો વિકલ્પ દેખાશો. અહીં તમારે રજિસ્ટ્રેશનને કેન્સલ કરવાનું પર્યાપ્ત કારણ આપવું પડશે. અહીં પર તમે ડિસ્કંધટીન્યુ ઓફ બિઝનેસ લખી શકો છો. આવું કરતાની સાથે જ તમારું રજિસ્ટ્રેશન રદ થઈ જશે.

જો કે આ સુવિધા માત્ર એવા પૂર્વ વેપારીઓ માટે છે જેમણે પોતાનો કારોબાર બંધ કરી દીધો છે અથવા તો બંધ કરવા માગે છે. કેન્સલેશનની પ્રક્રિયા દરમિયાન તમને એવું પણ પૂછવામાં આવશે કે શું તમે જીએસટી લાગુ થયા બાદ કોઈ પણ ટેક્સ-ઈનવોઈસ એટલે કે બિલ બનાવ્યું છે કે નહીં. જો તમે કોઈ પણ બિલ ન બનાવ્યું હોય તો તમે 'નો' પર ક્લિક કરી શકો છો પરંતુ જો તમે કોઈ બિલ બનાવ્યું હોય તો તમે તમારું રજિસ્ટ્રેશન કેન્સલ કરી શકશો નહીં. આવા લોકો માટે બાદમાં એક ફોર્મ જારી કરવામાં આવશે.

જો તમારો જીએસટી નંબર રદ થઈ ગયો હોય તો તમને નોંધાયેલા ઈ-મેઈલ અને મોબાઈલ નંબર પર મેસેજ મોકલવામાં આવશે. જો કોઈ કારણવશ તમને મેલ ન આવ્યો હોય તો પણ તમારી પાસે માલૂમ કરવાનો એક વિકલ્પ રહેશે. તમારે પોર્ટલ પર જઈને તમારું આઈડી લોગઈન કરવાનું રહેશે. જો તમારું રજિસ્ટ્રેશન કેન્સલ થઈ ગયું હશે તો તમે લોગ ઈન જ નહીં કરી શકો. લોગ ઈન કરતાંની સાથે જ તમને મેસેજ દેખાશે કે તમારું રજિસ્ટ્રેશન કેન્સલ થઈ ચૂક્યું છે.

# નવાઝ શરીફની ધરપકડ માટે પાક કોર્ટનો આદેશ

ઈસ્લામાબાદ,તા. ૨૬

પાકિસ્તાની કોર્ટે ગુરુવારે ભ્રષ્ટાચારના આરોપ હેઠળ પદભ્રષ્ટ કરવામાં આવેલા પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ વિરુદ્ધ અરેસ્ટ વોરંટ ઈશ્યૂ કર્યું છે. શરીફના વકીલ અનુસાર, કોર્ટે પનામા પેપર્સ લીક અંતર્ગત દાખલ થયેલા બે કેસમાં પૂર્વ પીએમ વિરુદ્ધ અરેસ્ટ વોરંટ ઈશ્યૂ કર્યું છે. શરીફ હાલમાં લંડનમાં છે. અહીં તેમની પત્ની કલ્સુમની કેન્સર ટ્રીટમેન્ટ ચાલી રહી છે. જ્યારથી શરીફ ભ્રષ્ટાચારના કેસમાં દોષિત પૂરવાર થયા છે ત્યારથી તેઓ પાકિસ્તાન પાછા નથી આવ્યા. શરીફના વકીલ ઝાફિર ખાને ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે, કોર્ટે ભ્રષ્ટાચારના બે કેસમાં પૂર્વ પીએમ વિરુદ્ધ જામીનપાત્ર વોરંટ ઈશ્યૂ કર્યા છે. તથા કેસની સુનવણી ત્રણ નવેમ્બર સુધી સ્થગિત કરવામાં આવી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

નૂતન વર્ષનો સ્વર્ણિમ ઉજાસ આપના સૌના જીવનને સતત અજવાળતો રહે તેવી મનોકામના સહ
નૂતન વર્ષાભિનંદન...
Harendrasinh Jadav
Chairman & M. D.
9898704537
HOTEL President
Where Hospitality Speaks...
Raj Shakti
Hotels Pvt. Ltd.
Plot No-1, Sector-11, B/h. Petrol Pump, Gandhinagar-382010
Telefax. 079-23233444. 079-65723444
Email : Presidenthti@yahoo.com